सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૦૪/૦૫/૨૦૧૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૦૪/૦૫/૨૦૧૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૧૯/૦૬/ ૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૮– ૦૧– ૧૫ |

**જામનગરના કર્મચારી વળતર ધારા અન્વયેના કમિશનરશ્રી સમક્ષ,જામનગર.**

**વ.કો.(ફેટલ) કેસ નં.૪/૨૦૧૬**
**આંક : ૪૬**

અરજદાર : ગુજરનાર ઈરફાન સીદીકભાઈ સંઘારના વારસો:

(૧) સીદીકભાઈ સુલેમાનભાઈ સંઘાર (પિતા)

(૨) રોશન સીદીક સંઘાર (માતા)

(૩) સગીર હમસીરા સીદીકભાઈ (પુત્રી)

રહે.: તમામ સલાયા, તા.ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા.

<u>વિરુધ્ધ</u>

સામાવાળા : લતીફભાઈ મુસાભાઈ વિશર(મારાજ)

રે.સલાયા, ફલા મેડીકલની બાજુમાં, બજાર રોડ,

તા.ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા.

**વિષય : કામદાર વળતર ધારા અન્વયે અકસ્માત વળતરની રકમ રૂપિયા ૯,૫૫,૦૨૦/– તથા વ્યાજ– પેનલ્ટી ખર્ચ વિ. મળવા અંગે**

અરજદારો તર્ફે : વિ.વકીલ શ્રી એચ.એચ.દેદા.
સામાવાળા તર્ફે : વિ.વ.શ્રી એમ.એમ.બ્લોચ.

## -:: હુ ક મ ::-

(૧) અત્રેના કેસના અરજદાર એ કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ મુજબ તેમની ફરજ દરમ્યાન થયેલી ઈજાનું વળતર મેળવવા માટેની અત્રેની અરજી કરેલી છે. જેમાં અરજદારે જણાવેલી હકીકતો નીચે મુજબ છે.

**અરજદારની અરજીની હકીકતો:**

(૧.૧) આ કામના ગુજરનાર ઈરફાન સીદીકભાઈ સંઘાર સામાવાળાની માલીકીની બોટ નં. જીજે-૧૦-એમ.એમ.૯૦૭ માં જખો બંદર પર ખલાસી તરીકે માસીક રૂા.૮,૦૦૦ ના પગારથી ફરજ બજાવતા હતા, તે રીતે ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર- માલીક ના સંબંધો અસ્તિત્વમાં હતા. આ કામે ગુજરનાર અરજદાર નં.૧ તથા ૨ ના પુત્ર, અરજદાર નં.૩ ના ભાઈ થતા હતા અને અરજદારો ગુજરનારની આવક પર આધારીત હતા. બનાવ સમયે ગુજરનાર અપરણિત હતા. ગુજરનારની ત્રણ બહેનો પૈકી બે બહેનોના નિકાહ થઈ ગયેલ છે તથા ગુજરનારના ભાઈઓ પુખ્ત ઉંમરના છે. અરજદારે વધુમાં જણાવેલ છે કે, તા.૦૨/૧૨/૨૦૧૪ ના રોજ ગુજરનાર સામાવાળાની સુચના મુજબ કામગીરી કરતા હતા ત્યારે બોટમાં ટ્રેકટરમાંથી બરફ ભરતા હતા ત્યારે અકસ્માતે ટ્રેકટરની ટ્રોલી ઉપલી જેટી ઉપર થી દરીયામાં લાંગરેલ વહાણ ઉપર પડતા તેની સાથે નીચે પડતા દબાઈ જવાથી અવસાન પામેલ. જેની ફરીયાદ જખો મરીન પોલીસ સ્ટેશનમાં ૨/૨૦૧૪ થી નોંધાયેલ છે. આ કામે અકસ્માત ચાલુ ફરજ દરમ્યાન અને ચાલુ ફરજના ભાગરૂપે બનેલ હોય તેથી આ કામના સામાવાળા કામદાર વળતર ધારા હેઠળ અકસ્માત વળતરની રકમ, વ્યાજ પેનલ્ટી તથા ખર્ચ ચૂકવવા જવાબદાર થયેલ છે.

અરજદારે વધુમાં જણાવેલ છે કે, અકસ્માત સમયે ગુજરનાર ૧૮ વર્ષની ઉંમર ધરાવતા હતા તથા માસીક રૂા.૮,૦૦૦/- પગાર મેળવતા હતા. જે ધ્યાને લેતાં ગુજરનારના

અકસ્માતે અવસાન બદલ અરજદારો રૂા.૯,૦૫,૫૨૦/– મેળવવા હકકદાર છે. આ કામે અકસ્માતની જાણ સામાવાળાને હોય તથા અરજદારોએ સામાવાળાને તા.૨૩/૦૨/૨૦૧૬ ના રોજ લેખીત નોટીસ આપવા છતાં સામાવાળા તરફથી સામાવાળાએ કામદાર વળતર ધારા અન્વયે નિયત સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં જમા કરાવેલ ન હોય, આ કામના સામાવાળા વ્યકિતગત તથા સંયુકત રીતે અકસ્માતની તારીખથી વળતરની રકમ પર વાર્ષિક ૧૨% લેખે વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી ચુકવવા જવાબદાર થયેલ હોય, તેથી અરજદારોને હાલની આ અરજી લાવવા નાછુટકે ફરજ પડેલ છે.

(૧.૨) અરજદારોએ અત્રેની અરજીમાં વધુમાં જણાવેલું છે કે, અરજદારો જામનગર જિલ્લામાં રહેતા હોય તેમજ બનાવ જામનગરની હદમાં બનેલ હોય અને પક્ષકારો પણ જામનગર જીલ્લાના જ હોય જેથી હાલની આ વળતર અરજી ચલાવવા આપ નામદાર કોર્ટને હકુમત છે. જેથી હાલની અરજી લાવી દાદ માંગેલ છે કે, સામાવાળાઓ સયુંકત અને વિભકત રીતે અરજદારોને ગુજરનાર ઈરફાનના અકસ્માત બદલ વળતર પેટે રૂા.૯,૦૫,૫૨૦/– ની વળતરની રકમ ઉપર અકસ્માતની તારીખથી વાર્ષિક ૧૨ ટકા લેખે વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી ચુકવવા જવાબદાર થયેલ હોય તથા ખર્ચ અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) આ કામમાં સામાવાળાને અત્રેની અરજીની નોટીસ બજી બજતા સામાવાળા નં.૨ નાએ હાજર થઈ આંક–૧૪ થી તેમનો જવાબ રજુ કરેલ છે.

**<u>સામાવાળાના જવાબની હકીકતો :</u>**

(૨.૧) આ કામના અરજદારની વળતર અરજી ખરી, કાયદેસરની કે શુધ્ધબુધ્ધિપુર્વક ની ન હોય તેનો ઈન્કાર કરી ગુજરનાર ઈરફાન તા.૦૨/૧૨/૨૦૧૪ ના રોજ સામાવાળાની સુચના મુજબ સામાવાળાની બોટમાં ખલાસી તરીકે કામ કરતા હોવાનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, ગુજરનાર ટ્રેકટર ટ્રોલી નં.GJ-12-AY-6472 ના માલીક સુલેમાન અભુ કુંભાર ના કામદાર હતા જે હકીકત ગુજરનારના આશ્રિતોએ તા.૧૯/૦૧/૨૦૧૬ ના રોજ તેમના વકીલશ્રી આર.એ.મુન્દ્રા મારફતે સામાવાળા તથા ટ્રેકટર ટ્રોલીના માલીકને મોકલાવેલ

નોટીસની હકીકતો ઘ્યાને લેતા તથા અકસ્માત કેસના પોલીસ પેપર્સ ઘ્યાને લેતા ગુજરનાર ટ્રેકટર ટ્રોલીના માલીકના મજુર હતા તે પુરવાર થાય છે. આમ ગુજરનારના આશ્રિતોએ વળતરની અરજી ટ્રેકટર ટ્રોલીના માલીક, ડ્રાઈવર તથા તેની વીમા કંપની વિરુઘ્ધ કરવી જોઈએ. સામાવાળાએ તેમના જવાબમાં વઘુમાં જણાવેલ છે કે, આ કામે અરજદારોએ ટ્રેકટર ટ્રોલીના માલીક, ડ્રાઈવર તથા તેની વીમા કંપનીને પક્ષકાર તરીકે જોડેલ ન હોય, પક્ષકારોની ખામીના કારણે હાલની વળતર અરજી રદ થવાને પાત્ર છે. ખરી હકીકતે ટ્રેકટર ટ્રોલી નં.GJ-12-AY-6472 ના ડ્રાઈવરની બેદરકારીના કારણે ટ્રેકટર ટ્રોલીમાં ભરેલ બરફ જખો બંદરની જેટીના પ્લેટફોર્મના એકદમ કિનારા ઉપરથી બરફ તોડવાથી ચાલુ મશીનથી ટ્રેકટર ટ્રોલીમાં રોદો આવતા બરફ સાથે દરીયામાં લાંગરેલ વહાણ ઉપર પડતા ગુજરનાર ઈરફાન તેની સાથે પડતા દબાઈ જવાથી ગંભીર ઈજા થવાથી તેનું મરણ થયેલ હોય, આ કામે સામાવાળાની કોઈ જવાબદારી થતી ન હોય, હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવવામાં આવેલ છે.

(૩) આ કામે સામાવાળા તરફે આંક-૧૬ ની અરજી આપી આ કામમાં ટ્રેકટર ટ્રોલી નં.GJ-12-AY-6472 ના માલીક તથા ડ્રાઈવરને પક્ષકાર તરીકે જોડવા માંગણી કરવામાં આવેલ, જે અરજી અમારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા.૨૦.૦૩.૨૦૧૭ ના રોજ નામંજુર કરેલ છે.

(૪.૧) આ કામે અરજદાર તરફથી નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો :-**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | અરજદાર સીદીકભાઈ સુલેમાનભાઈનુ પુરાવાનુ સોગંદનામુ. | ૨૪ |

**દસ્તાવેજી પુરાવો :-**

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧. | અરજદારે સામાવાળાને આપેલ નોટીસ | ૩/૧ |
| ૨. | રજી.એ.ડી.ની સ્લીપ | ૩/૨ |
| ૩. | પોલીસ પેપર્સની ખરી નકલ. | ૩/૩ |
| ૪. | કોઝ ઓફ ડેથના સર્ટીફીકેટની નકલ | ૩/૪ |
| ૫. | રેશનકાર્ડની નકલ | ૩/૫ |
| ૬. | ગુજરનારના ચુંટણી કાર્ડની નકલ | ૩/૬ |
| ૭. | સીદીક સુલેમાનના ચુંટણી કાર્ડની નકલ | ૩/૭ |
| ૮. | રોશન સીદીકના ચુંટણી કાર્ડની નકલ | ૩/૮ |
| ૯. | ગુજરનામના પોસ્ટ મોર્ટમ રીપોર્ટની નકલ | ૩/૯ |
| ૧૦. | હમસીરા સીદીકના જન્મ તારીખના દાખલાની નકલ | ૩/૧૦ |
| ૧૧. | રઝીયા સીદીકના જન્મ તારીખના દાખલાની નકલ | ૩/૧૧ |
| ૧૨. | રીયાના સીદીકના જન્મ તારીખના દાખલાની નકલ | ૩/૧૨ |
| ૧૩. | ટ્રેકટર ટ્રોલી નં.GJ-12-AY-6472ની આર.સી.બુક | ૧૫/૧ |
| ૧૪. | ટ્રેકટર ટ્રોલી નં. GJ-12-AY-6472નો વીમો ઉતરાવેલ તેનુ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ | ૧૫/૨ |
| ૧૫. | ટ્રેકટર ટ્રોલી નં.GJ-12-AY-6472 ના ડ્રાઈવરના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ | ૧૫/૩ |
| ૧૬. | ગુજરનાર ઈરફાનના આશ્રીતોએ સામાવાળાને તા.૧૯/૦૨/૨૦૧૬ ના રોજ આપેલ લીગલ નોટીસની નકલ | ૧૫/૪ |

આ કામે અરજદાર તરફથી આંક-૨૭ ની કલોઝીંગ પુરસીસ રજુ કરી તેમની તરફે મૌખિક પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૪.૨) આ કામે સામાવાળા આંક ૩૦ થી સામાવાળાના સાહેદ લતીફ મુસાભાઈ વિશર (મારાજ)નુ પુરાવાનુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે અને ત્યારબાદ સામાવાળા તરફથી આંક-૩૮ ની કલોઝીંગ પુરસીસ રજુ કરી તેમની તરફે મૌખિક પુરાવો પુરો થયેલ

હોવાનું જાહેર કરેલ છે.

(૫) અરજદાર તરફે મૌખિક દલીલો સાંભળવામાં આવી. જયારે સામાવાળા તરફે આંક–૪૪ થી લેખીત દલીલો રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લીધી.

(૬) આ કામે અમારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ આંક–૨૨ થી મુદદાઓ કાઢેલા છે, તે નીચે મુજબ છે.

૧. શું અરજદારો એ સાબિત કરે છે કે,ગુજરનાર કર્મચારી વળતર ધારાની કલમ ૨(એન) મુજબ કામદાર હતા ?

૨. શું અરજદારો એ સાબિત કરે છે કે, તેઓ ગુજરનાર કર્મચારીના કાયદેસરના આશ્રિતો છે ?

૩. શું અરજદારો એ સાબિત કરે છે કે, ગુજરનારનું મૃત્યુ સામાવાળાની ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે થયેલુ ?

૪. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર અને માસીક આવક શું હતી?

૫. શું અરજદારો એ સાબિત કરે છે કે, તેઓ વળતર મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલુ ?

૬. શું અરજદારો એ સાબિત કરે છે કે, સામાવાળા વ્યાજ અને દંડની રકમ ચુકવવા જવાબદાર છે ? જો હા, તો કેટલી રકમ ?

૭. શું આખરી હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય તથા તેનાં કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. ઉંમર ૨૬ વર્ષ અને આવક માસિક રૂ.૮૦૦૦/–

૫. હકારમાં, રૂા.૮,૬૧,૧૨૦/–

૬. હકારમાં, ૧૨% લેખે વ્યાજ અને ૫૦% લેખે પેનલ્ટી

૭. આખરી હુકમ મુજબ

## – : : નિર્ણયના કારણો : :–

**મુદ્દા નં. ૧ :–**

**શું અરજદારો પુરવાર કરે છે કે, ગુજરનાર સામાવાળાના કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ કામદાર હતા ?**

(૮.૧) અત્રેના કેસમાં અરજદારોએ તેમની આંક : ૧ ની અરજીમાં જણાવેલું છે કે, ગુજરનાર ઈરફાન સીદીકભાઈ સામાવાળાની માલીકીની બોટ નં. જીજે.૧૦.એમ.એમ. ૯૦૭ માં જખો બંદર પર ખલાસી તરીકે માસીક રૂા.૮,૦૦૦ ના પગારથી ફરજ બજાવતા હતા અને તેમા તેઓની સુચના મુજબ કામગીરી બજાવતા હતા અને તે રીતે સામાવાળા મુખ્ય માલીક હોય ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર માલીકના સબંધ ઉત્પન થયેલા.

(૮.૨) સામાવાળાએ આંક ૧૪ થી પોતાનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ ગુજરનાર તેઓના કામદાર હોવાનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, ગુજરનાર ટ્રેકટર ટ્રોલી નં.GJ-12-AY-6472 ના માલીક સુલેમાન અભુ કુંભારના કામદાર હતા જે હકીકત ગુજરનાર ના આશ્રિતોએ તા.૧૯/૦૧/૨૦૧૬ ના રોજ તેમના વકીલશ્રી આર.એ.મુન્દ્રા મારફતે સામાવાળા તથા ટ્રેકટર ટ્રોલીના માલીકને મોકલાવેલ નોટીસની હકીકતો ધ્યાને લેતા તથા અકસ્માત કેસના પોલીસ પેપર્સ ધ્યાને લેતા ગુજરનાર ટ્રેકટર ટ્રોલીના માલીકના મજુર હોવાનું પુરવાર થાય છે તેવી સ્પષ્ટ રજુઆત કરેલ છે. સામાવાળાએ આ હકીકત સંબંધે આંક ૧૬ થી ટ્રેકટર અને ટ્રોલીના માલીકોને આ કામે પક્ષકાર તરીકે જોડવાની અરજી પણ આપેલ હતી. જેમાં બધા પક્ષોને સાંભળી મારા પુરોગામી જજ સાહેબશ્રીએ અરજી રદ કરેલ છે. સામાવાળા એ આંક ૧૬ ના હુકમ પર કોઈ અપીલ કરેલ હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. આમ આંક ૧૬ પરનો હુકમ કાયમ છે. હવે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો આંક ૧૬ ના હુકમ માં રેકર્ડ પર રજુ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈને ગુજરનાર સામાવાળાને ત્યાં જ કામ

કરતો હોવાનું અને ટ્રેકટર કે ટ્રોલીના માલીક આ કામે જરૂરી પક્ષકાર ના હોવાનું ઠરાવેલ છે. અરજદારે પોતાના પુરાવામાં અરજીની હકીકતોને જણાવેલ છે. તેથી તેનું પુનરાવર્તન ટાળેલ છે. અરજદારની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં મુખ્યત્વે અરજદારે આ કામે તેના ગુજરનાર દીકરાના ઓળખકાર્ડ કે બીજા કોઈ પુરાવા રજુ કરેલ ન હોવાની હકીકત કબુલ કરાવેલ છે. સામાવાળાએ તેની ઉલટતપાસ દરમ્યાન બનાવ સમયે ગુજરનાર તેઓની બોટ ઉપર કામ કરતા ન હતા તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. ઉલટતપાસ પરથી સામાવાળાનો માત્ર એક જ બચાવ કે અરજદારના પુત્ર તેઓને ત્યા નહી પરંતુ ટ્રેકટરની ટ્રોલી ના માલીકના કામદાર હોવાનો જણાય આવે છે. પરંતુ સામાવાળાની સુચિત પક્ષકારને જોડવાની અરજી નામંજુર થયા બાદ તેઓએ આ હુકમને પડકારેલ નથી. આથી સામાવાળા નો આ બચાવ હવે ટકવાપાત્ર રહેતો નથી. આ ઉપરાંત અરજદારે રજુ કરેલા પોલીસ પેપર્સ પરથી તેઓ ગુજરનારના મામા થતા હોય તેવું ફલીત થાય છે, આથી પણ અરજદાર તેના પુત્રના ઓળખકાર્ડ જેવા પુરાવા રજુ કરી ન શકેલ હોય, તો પણ ગુજરનાર તેના મામાને ત્યાં કામ કરતો હોય અને સગા હોવાના નાતે ગુજરનારને કોઈ ઓળખકાર્ડ કે પગારચીઠ્ઠી આપતા ના હોય તે માનવાને પુરતું કારણ છે. આથી પણ આ દસ્તાવેજોના અભાવે અરજદારનો પુત્ર સામાવાળાને ત્યાં કામદાર તરીકે ના હોવાની હકીકત માની લઈ શકાય નહી. સામાવાળાએ પોતાની આંક ૪૪ ની દલીલમાં પોલીસે કરેલ પંચનામાનો આધાર લઈ તેમાં ટ્રેકટર ટ્રોલીના '' ખલાસી કામ કરનાર ઈરફાન'' લખેલાની હકીકતથી પણ ગુજરનાર ઈરફાન તેઓના કામદાર ના હોવાની દલીલ કરેલ છે. સામાવાળાની દલીલને લક્ષમાં લઈએ તો તેમાં લખેલા શબ્દો જ તેની વિરૂધ્ધનું અનુમાન કરવા પ્રેરે છે. સામાવાળાએ આ શબ્દોમાં 'ટ્રેકટર ટ્રોલીના' ઉપર ભાર મુકીને ગુજરનાર ટ્રેકટર ટ્રોલીના માલીકના કામદાર હોવાની દલીલ કરે છે. પરંતુ ટ્રેકટર ટ્રોલીના ' ખલાસી' વિશે મૌન રહેલ છે. સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત પણ ' ખલાસી ' કયા કામ કરતા હોય ? તે કહી શકે. આથી પણ સામાવાળાની આ દલીલ ગ્રાહય રાખવા યોગ્ય નથી. સામાવાળાએ પોતાની આંક ૪૪ ની દલીલમાં મુખ્યત્વે આ જ બચાવ લીધેલ છે, જે ટકવાપાત્ર નથી. આથી સામાવાળા તથા ગુજરનાર વચ્ચે માલીક –

કામદાર નો સબંધ હોવાની હકીકત પુરવાર થયેલ હોવાથી મુદ્દા નંબર ૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.ર :– શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રિતો છે ?**

(૯) આ કામે અરજદારો તરીકે ગુજરનારના માતા–પિતા તથા સગીર બહેન છે. તેઓએ પોતાની અરજીમાં જણાવેલુ છે કે, ગુજરનાર ઈરફાન તેઓનો પુત્ર થાય છે. આંક ૨૪ ના સરતપાસના સોગંદનામામાં તેઓ ગુજરનારની કમાણી ઉપર આધારીત હોવાનું જણાવે છે. અરજદારોએ જણાવેલી ઉપરોકત હકીકતોનું ખંડન સામાવાળાઓ દ્વારા કરવામાં આવેલ નથી. અરજદારે તેની ઉલટતપાસમાં પણ તેઓનો બીજો દીકરો તેનાથી અલગ રહેતો હોવાની હકીકત સ્વીકારેલ છે. સામાવાળાએ તેની દલીલમાં અરજદારે તેની ૩ દીકરીઓને આ કામે પક્ષકાર તરીકે જોડેલ ના હોય આ અરજીને પક્ષકારોની ખામીનો બાધ નડતો હોવાની દલીલ કરેલ છે. પરંતુ આ કામે અરજદારે તેની સગીર દીકરીને પક્ષકાર બનાવેલ છે. જયારે પુખ્ત વયની દીકરીઓને પક્ષકાર તરીકે જોડેલ નથી. આ કામે અરજદારો દ્વારા અત્રેના કેસમાં માર્ક ૩/૫ થી રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવી છે જેમાં અરજદારોને ગુજરનારના કુટુંબના સભ્યોમાં જણાવવામાં આવેલા છે. અરજદારે પોતાના પુખ્ત વયના અન્ય સંતાનોને ગુજરનાર અપરણિત દીકરાના આશ્રીતો તરીકે દર્શાવેલ નથી કે આ કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. આથી આ અરજીને પક્ષકારોની ખામીનો બાધ નડતો હોવાની સામાવાળાની દલીલ કોઈ પણ રીતે ટકવાપાત્ર નથી. આ સંદર્ભે વર્કમેન કોમ્પેન્સેશન એકટની કલમ ૨(૧)(ડી)(ii) માં કરવામાં આવેલ આશ્રિત સંબંધિત જોગવાઈ જોવામાં આવે તો તેમાં કલોઝ–(૧)(૨) માં માતા પિતા અને સગીર ભાઈ બહેનનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કેસના અરજદારોનો ગુજરનારના આશ્રિત તરીકે સમાવેશ થાય છે. ત્યારે હાલ ના કેસમાં ગુજરનારના માતા–પિતા અને સગીર બહેન ગુજરનારની આવક ઉપર આધારીત હોવાનું અને તે કારણે અરજદારો ગુજરનારના આશ્રીત હોવાની હકીકત પુરવાર થતી હોવાથી મુદ્દા નંબર : ૨ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૩ :–**

**શું અરજદારો સાબીત કરે છે કે, ગુજરનારનું મૃત્યુ સામાવાળાની ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે થયેલું ?**

(૧૦.૧) અરજદારોએ તેમની આંક ૧ ની અરજી તથા તેમના આંક ૨૪ ના સોંગદ ઉપર ના પુરાવામાં જણાવેલું છે કે, આ કામના ગુજરનાર તા.૦૨/૧૨/૨૦૧૪ના રોજ ગુજરનાર સામાવાળાની સુચના મુજબ કામગીરી કરતા હતા ત્યારે બોટમાં ટ્રેકટરમાંથી બરફ ભરતા હતા ત્યારે અકસ્માતે ટ્રેકટરની ટ્રોલી ઉપલી જેટી ઉપર થી દરીયામાં લાંગરેલ વહાણ ઉપર પડતા તેની સાથે નીચે પડતા દબાઈ જવાથી અવસાન પામેલ. જેની ફરીયાદ જખો મરીન પોલીસ સ્ટેશનમાં ૨/૨૦૧૪ થી નોંધાયેલ છે. આ કામે સામાવાળાએ તેની દલીલમાં ગુજરનાર તેઓના નહી પરંતુ ટ્રેકટરની ટ્રોલીના માલીકના કામદાર હોવાની ભારપૂર્વકની દલીલ કરેલ છે. રેકર્ડ પરનો પુરાવો વંચાણે લેતા ગુજરનાર સામાવાળાના કામદાર હોવાની અરજદારે કરેલ રજુઆતનું ખંડન થાય તેવી કોઈ હકીકત સામાવાળા અરજદારની ઉલટતપાસમાં પુછેલ નથી. સામાવાળાએ પોતાની દલીલમાં ગુજરનાર ટ્રેકટરની ટ્રોલીના માલીકના કામદાર હોવાની રજુઆત કરેલ છે. અત્રે નોંધવું જરૂરી છે કે આ કામે સામાવાળાએ ટ્રેકટરની ટ્રોલીના માલીક પક્ષકાર તરીકે જોડવા આંક ૧૬ ની અરજી કરેલ અને તે અરજી પર બંને પક્ષોને સાંભળીને મારા પુરોગામી જજ સાહેબશ્રીએ નામંજુર કરેલ. ત્યારબાદ સામાવાળાએ આંક ૧૬ ના આ હુકમને કોઈ પણ રીતે પડકારેલ નથી. આથી સામાવાળાની અરજી નામંજુર કરતો હુકમ કાયમ રહેલ છે. આ હુકમ મુજબ ગુજરનાર ટ્રેકટરની ટ્રોલીના માલીકના કામદાર હોવાની સામાવાળાની રજુઆત કોર્ટે રદ કરેલ હોય અને તે હુકમ પર સામાવાળાએ કોઈ અપીલ કરેલ ના હોય તે સંજોગોમાં સામાવાળાનો આ બચાવ અર્થહીન બની જાય છે. સામાવાળાએ આંક ૧૬ ના હુકમ બાદ પોતાના પુરાવામાં પોતાનો કોઈ અન્ય કોઈ બચાવ લીધેલ નથી. આ કામે ગુજરનાર બનાવ સમયે ટ્રેકટરમાંથી બોટમાં બરફ ભરતા હતા અને ત્યારે ટ્રેકટરની ટ્રોલી ઉપલી જેટી ઉપરથી દરીયામાં લાંગરેલ વહાણ ઉપર પડતા ગુજરનાર તેની સાથે નીચે પડતા દબાઈ જવાથી અવસાન પામેલ હોવાની હકીકત બીન પડકારાયેલ છે. આ બનાવ બનેલ

આવી રીતે બનેલ ના હોય કે બનાવ સમયે સામાવાળાનું વહાણ ના હોય કે બનાવ સંદર્ભે અન્ય કોઈ હકીકત હોય તેવો કોઈ બચાવ રેકર્ડ પર આવેલ નથી. આથી પણ જયારે ગુજરનાર સામાવાળાના વહાણ પર અકસ્માતથી ગુજરી ગયેલ હોય આ બનાવ સમયે તેઓ સામાવાળા ને ત્યાં ફરજ પર હતા અને તે દરમ્યાન તેઓનું મૃત્યુ થયેલાનું સ્પષ્ટપણે રેકર્ડ પર સાબીત થાય છે.

(૧૦.૨) આ કેસમાં અરજદાર ધ્વારા માર્ક ૩/૩ જખો મરીન પોલીસ સ્ટેશન દવારા નોંધવામાં આવેલ બનાવવાળી જગ્યાનું પંચનામું તથા ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થયેલ છે. જેમાં મરણ જનારનું મૃત્યુ બનાવની વિગતે '' ... તેના મામા લતીફ મુસા જાતે વિસર રહે. જામ સલાયા વાળાની બોટમાં ખલાસી તરીકે કામ કરતા ઈરફાન સીદીક સંગાર રહે. જામ સલાયા વાળાની લાશ ...'' ની હકીકતો પંચનામામાં લખાયેલ છે. આથી પણ ગુજરનાર સામાવાળાના વહાણ પર કામ કરતા અકસ્માતે ગુજરી ગયેલાની હકીકત પુરવાર થાય છે.

(૧૦.૩) ઉપરોકત કારણોસર એ હકીકત પુરવાર થયેલ છે કે, ગુજરનાર ઈરફાન સીદીક સંઘારનું મરણ સામાવાળાના વહાણ પર તેની ફરજ દરમ્યાન થયેલું છે. જેથી મુદ્દા નંબર : ૩ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૪ :-**

**અકસ્માત વખતે ગુજરનારની ઉંમર તથા માસીક આવક શું હતી ?**

(૧૧.૧) **બનાવ સમયે ગુજરનારની ઉંમર :-**

અત્રેના કેસમાં અરજદારોએ તેમની આંક ૧ ની અરજી તથા પુરાવામાં જણાવેલું છે કે, બનાવ સમયે ગુજરનારની ઉંમર ૧૮ વર્ષ અને માસીક વેતન રૂા.૮૦૦૦/- હતું. અત્રેના કેસમાં માર્ક ૩/૬ થી ગુજરનારનું ઈલેકશન કાર્ડ રજુ કરવામાં આવેલ છે જેમાં ગુજરનારની ઉંમર તારીખ ૧/૦૧/૨૦૦૬ ના રોજ ૧૮ વર્ષ જણાવવામાં આવેલી છે. જેના ખંડનમાં સામાવાળાઓ ધ્વારા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી. ગુજરનાર તા.ર.૧૨.૨૦૧૪ ના રોજ આ બનાવ બનેલ છે તે ધ્યાને લેતાં અકસ્માતની તારીખે ગુજરનારની ઉંમર ર૬ વર્ષ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે. આ ઉપરાંત પી.એમ.રીપોર્ટ તથા એમ.એલ.સી.

પર પણ ગુજરનારની ઉંમર ૨૬ વર્ષ લખેલી છે. આથી આ બનાવ સમયે ગુજરનારની ઉંમર ૧૮ નહી પરંતુ ૨૬ વર્ષ હોવાનું સાબીત થાય છે.

(૧૧.૨) **પગારની વિગત :-**

વધુમાં અરજદારો ધ્વારા પોતાની અરજી અને પુરાવાના સોગંદનામામાં ગુજરનાર માસિક રૂા.૮૦૦૦/- કમાતા હતા તેવી રજુઆત કરેલ છે. આ કામે અરજદારે ગુજરનારની આવક કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ નોંધવું જરૂરી છે કે સામાવાળા ધ્વારા તેમના બચાવમાં ગુજરનાર તેઓના કામદાર જ ના હોય તેવો બચાવ લીધેલ હોય તેઓએ ગુજરનારના પગારની હકીકત પર કોઈ વિરૂધ્ધની હકીકત રેકર્ડ પર લાવેલ નથી. જયારે સામાવાળાએ અરજદારની કરેલ ઉલટતપાસમાં અરજદાર પાસે ગુજરનારની આવકનો કોઈ પુરાવો ના હોવાનું અને તેઓ સામાવાળાના વહાણ ઉપર કામ કરતા હોય તેવું સાબીત કરતો કોઈ પુરાવો તેઓ પાસે ના હોવાનું કબુલ કરાવેલ છે. પરંતુ પોલીસ પેપર્સ પરથી ગુજરનાર સામાવાળાના વહાણ પર ખલાસી તરીકે કામ કરતા હોવાનું પુરવાર થયેલ છે. આથી સામાવાળાની આ દલીલ ટકવા પાત્ર નથી. આથી માત્ર ગુજરનારની આવકનો કોઈ પુરાવો તેના આશ્રીતો પાસે ના હોવાથી તેઓ ત્યાં કામ કરતા ના હોવાનું કહી શકાય નહી. આથી અંગે કાયદાની જોગવાઈ જોવી જરૂરી છે.

કામદાર વળતર ધારાની કલમ-૫ વંચાણે લેતા જણાય છે કે, કલમ-૫ માં વેતન ગણવાની રીત જણાવવામાં આવી છે. જેમા કલમ-૫(ક) માં અકસ્માતની ફરજ પહેલાના ઓછામાં ઓછા ૧૨ મહીનાની મુદત દરમ્યાન માલીકની નોકરીમાં કામદાર હોય ત્યારે વળતરની રકમ માટે વેતનની ગણતરી કેવી રીતે કરવી તેની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ કલમ-૫ (ખ) માં ૧ મહીનાથી ઓછી મુદત માટે કામદારે કામ કર્યુ હોય તો વળતરની રકમ માટે વેતનની ગણતરી કેવી રીતે કરવી તેની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ કલમ-૫(ગ) માં ઉપરોકત બન્ને રીતે ગણતરી શકય ન હોય ત્યારે વેતનની ગણતરી

કઈ રીતે કરવી તેની જોગવાઈ કરવામાં આવી છે. અત્રેના કેસમાં ગુજરનારે કેટલા સમય માટે કામ કરેલુ છે તે હકિકત સ્પષ્ટ સાબિત થતી નથી. જેથી વેતનની ગણતરી માટે કલમ ૫(ગ) માં જણાવેલી વેતનની ગણતરી કરવાની પધ્ધતિ ઘ્યાનમાં લેવાની રહે છે. સદરહુ કલમ–૫(ગ) મુજબ અકસ્માતની તરત પહેલાની નોકરીની છેલ્લી સળંગ મુદત અંગે મેળવેલી કુલ વેતનની ૩૦ ગણી રકમને એ મુદતના દિવસોની સંખ્યાથી ભાગતા આવે તે રકમ માસીક વેતન ગણાશે.

હવે આ કામે અરજદાર તરફથી ગુજરનારને માસિક રૂા.૮૦૦૦/– પગાર મળતો હતો તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. પરંતુ ગુજરનાર મજુરી કામ કરતો હોય તેવા સંજોગોમાં નેચર ઓફ વર્ક જોતા રૂા.૨૦૦/– રોજનો પગાર હોવાનુ સ્પષ્ટપણે માની શકાય તેમ છે. આમ, અરજદારનો રોજના રૂા.૨૦૦/– લેખે એક માસનો પગાર રૂા.૬૦૦૦/– હોવાનું માની શકાય તેમ છે. વર્કમેન કમ્પનસેશન એકટ–૧૯૨૩ ના કાયદા અને તેમાં થયેલ સુધારા અંગેની ચર્ચા આ તબકકે કરવી જરૂરી છે. સદરહું કાયદાને છેલ્લે સને–૨૦૦૯ માં સુધારવામાં આવેલ અને તેનો અમલ તા.૧૮/૧/૧૦ ના રોજથી કરવામાં આવેલ અને તે મુજબ કાયદાનું નવું નામ 'વર્કમેન કમ્પનસેશન એકટ' ની જગ્યાએ 'એમ્પ્લોઈઝ કમ્પનસેશન એકટ' કરવામાં આવેલું તથા જુના કાયદાની કલમ–૪ માં જે માસીક પગારની મર્યાદા વળતરની ગણતરી માટે રૂા.૪,૦૦૦/– સુધીની કરવામાં આવેલી હતી તે અંગેની સમજુતી રદ કરીને તેની જગ્યાએ કલમ–૪ માં પેટા કલમ–૧(બી) દાખલ કરવામાં આવેલ અને તે મુજબ માસીક પગાર અંગે કેન્દ્ર સરકાર નોટીફીકેશન ઘ્વારા રકમ નકકી કરશે તેવી જોગવાઈ કરેલ છે તથા S.O.1258(E) તા.૩૧/૫/૨૦૧૦ ના રોજ નોટીફીકેશન ઘ્વારા માસીક પગારની મર્યાદા વળતરની ગણતરી માટે રૂા.૮,૦૦૦/– ની કરવામાં આવેલ છે. હાલના કેસમાં અરજદારના કથન મુજબ અકસ્માતનો બનાવ તા.૦૨/૧૨/૨૦૧૪ ના રોજ બનવા પામેલ છે. તે સંજોગોમાં દેખીતી રીતે સને ૨૦૧૦ ના સુધારા બાદની કાયદાની જોગવાઈઓ હાલના કેસમાં લાગુ પડશે. આમ, ઉપરોકત હકીકતો લક્ષમા લેતા ગુજરનાર કામદારને માસીક રૂા.૮,૦૦૦/– પગાર મેળવતા હોય તે ગણતરી ઘ્યાને લઈ શકાય તેમ છે.

**મુદ્દા નં. ૫ :–**

**શું અરજદારો સાબીત કરે છે કે તેઓ વળતર મેળવવા હકકદાર છે ?**

**જો હા, તો કેટલું ?**

(૧૨.૧) ઉપરોકત મુદ્દાઓમાં ઠરાવ્યા મુજબ ગુજરનાર સામાવાળાના કામદાર હોવાનું અને અરજદારો ગુજરનારના આશ્રિતો હોવાનુ તથા ગુજરનારનું અવસાન સામાવાળાની ફરજ દરમ્યાન અને ફરજના ભાગ રૂપે થયેલ હોવાની હકીકત પુરવાર થયેલી છે. જેથી અરજદારો સામાવાળાઓ પાસેથી વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર થયેલા છે. વધુમાં મુદ્દા નંબર ૪માં ઠરાવ્યા મુજબ ગુજરનારનો માસીક પગાર રૂા.૮૦૦૦/– ધ્યાને લેતાં વધુમાં વધુ પગાર રૂા.૮૦૦૦/– ના ૫૦ ટકા રૂા.૪૦૦૦/–અને ગુજરનારની અકસ્માત સમયે ઉંમર ૨૬ વર્ષનું ફેકટર રૂા. ૨૧૫.૨૮ ધ્યાને લેતાં મળવાપાત્ર રકમ રૂા. ૮,૬૧,૧૨૦/ થાય છે.

**મુદ્દા નં. ૬ :–**

**શું અરજદારો સાબીત કરે છે કે સામાવાળા વ્યાજ અને દંડની રકમ ચુકવવા જવાબદાર છે ? જો હા, તો કેટલી રકમ?**

(૧૩.૧) અત્રેના કેસમાં એ હકીકત બીનતકરારી છે કે સામાવાળા દવારા અરજદારોને વળતર ની રકમ કે તે પૈકીની કોઈ રકમ આજદીન સુધી ચુકવવામાં આવી નથી કે કમિશ્નર પાસે અનામત મુકવામાં આવી નથી. જેથી સામાવાળા કર્મચારી વળતર ધારાની કલમ ૪–એ મુજબ વળતરની રકમ ઉપર અકસ્માતની તારીખથી ૧૨ ટકા લેખે સાદા વ્યાજની રકમ અરજદારોને ચુકવવા જવાબદાર થયેલા છે.

(૧૩.૨) વધુમાં કર્મચારી વળતર ધારાની કલમ ૪–બી મુજબ જયારે વિલંબ માટે વ્યાજબી કારણ ન હોય ત્યારે માલીકે વળતરની રકમ તથા તે ઉપરના વ્યાજની રકમ ઉપરાંત ૫૦ ટકાથી વધુ ન હોય તેટલો દંડ ચુકવવાની જોગવાઈ છે. અત્રેના કેસમાં સામાવાળાએ ગુજરનાર પોતાના કામદાર જ ના હોય તેવી રજુઆત કરી છે. જેથી સામાવાળા પોતાની જાતને ગુજરનારને કોઈ પણ જાતનું વળતર ચુકવવા માટે જવાબદાર માનતા ન હોય તે સંજોગોમાં તેઓએ કર્મચારી વળતર ધારાની કલમ –૪(એ) મુજબ એક માસની મુદત મર્યાદામાં વળતરની રકમ ચુકવવા માટે થયેલ વિલંબ માટે કોઈ વ્યાજબી કારણ આપેલ જ નથી. જેથી સામાવાળા વળતરની રકમ તથા વ્યાજ ઉપરાંત વળતર

ની રકમના ૫૦ ટકા રકમ દંડ તરીકે અરજદારોને ચુકવવા જવાબદાર થયેલા છે. જેથી મુદ્દા નંબર ૬ નો નિર્ણય તે મુજબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૭ :-**

(૧૪) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદારો ગુજરનારના અવસાન બદલ સામાવાળા પાસેથી રૂા.૮,૬૧,૧૨૦/- વસુલ મેળવવા હકકદાર થયેલ છે. આ ઉપરાંત સદર રકમ ઉપર અકસ્માતની તારીખથી ખરેખર રકમ ચુકવવામાં આવે તે તારીખ સુધીના ૧૨ ટકા લેખે થતી વ્યાજની રકમ તથા ૫૦ % પેનેલ્ટી/દંડની રકમ સામાવાળા અરજદારોને ચુકવી આપવા જવાબદાર બનેલ છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

(૧) અરજદારોની અરજી ખર્ચ સહીત મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારો ગુજરનાર ઈરફાન સીદીકભાઈના અવસાન બદલ સામાવાળા પાસેથી રૂા.૮,૬૧,૧૨૦/- (અંકે રુપિયા આઠ લાખ એકસઠ હજાર એકસો વીસ પુરા) વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર થયેલ છે.

(૩) અરજદારો ગુજરનાર ઈરફાન સીદીકભાઈના અવસાન બદલ સામાવાળા પાસે થી અકસ્માતની તારીખથી ખરેખર રકમ વસુલ થતાં સુધીના સમયગાળાના ૧૨ %ના સાદા વ્યાજની રકમ તથા ૫૦% લેખે પેનલ્ટીની રકમ રૂા.૪,૩૦,૫૬૦/- (અંકે રુપિયા ચાર લાખ ત્રીસ હજાર પાંચસો સાઈઠ પુરા) વસુલ મેળવવા હકકદાર થયેલ છે.

(૪) સામાવાળાએ હુકમ મુજબની વિગતે વળતર, વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચની રકમ હુકમ તારીખથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવી.

(૫) આ કામના અરજદારો સામાવાળા પાસેથી ખર્ચની રકમ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) મેળવવા હકકદાર થાય છે. તથા સામાવાળાએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૬) રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩૨ મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૯ મી માહે જુન સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૯/૦૬/૨૦૨૩.
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
વર્કમેન કમિશ્નરશ્રી,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
જીજે–૦૧૨૯૮

એમ.કે.નાકિયા
(સ્ટેનોગ્રાફર)